પુષ્ટિમાર્ગીય જીવન કલા

ડો. જયેન્દ્ર સોની

પુષ્ટિમાર્ગીય જીવન કલા

(*"પુષ્ટિમાર્ગીય જીવન કલા"* was one of Dr. Jayendrabhai Soni's message segments which was delivered on mediums like Whatsapp groups and his Facebook account. Here is a collated document of all the messages related to this segment.)

પંદર દિવસ થી પોસ્ટ કરવામાં આવી રહેલ
* "પુષ્ટિમાર્ગીય જીવન કલા" * ને સળંગ વાંચો.

""

શ્રીદ્વારકેશો જયતિ
શ્રીવલ્લભાધીશો જયતિ

****
પુષ્ટિમાર્ગીય જીવન કલા
****

તમે પુષ્ટિમાર્ગ માં અચાનક by default આવી ગયા છો !
કારણ કોઈ એક અથવા વધુ હોઈ શકે કે -
તમારો જન્મ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિવાર માં થયો છે.
તમારા લગ્ન પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિવાર માં થયા છે.
તમે સમજો એ પહેલાં તમને બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત થઈ ગઈ છે.
તમારો મિત્ર પુષ્ટિમાર્ગીય છે, જેની સાથે તમારો ઘનિષ્ઠ સંબંધ છે.
તમને કોઈ ભગવદીય નો સંગ મળી ગયો છે.
તમને કોઈ સદ્-ગુરુ ના આશીર્વાદ ફળી ગયા છે.
તમે જે સંસ્થા માં કામ કરો છો, તે પુષ્ટિમાર્ગીય છે
તમે કોઈ પુષ્ટિમાર્ગીય આચાર્યશ્રીથી પ્રભાવિત થયા છો.
તમને શ્રીનાથજી ના દર્શન કરવા જવું વિશેષતઃ ગમે છે.
તમને અવારનવાર વ્રજમાં જવાનું મન થાય છે.
તમને પુષ્ટિમાર્ગીય સેવા કીર્તન આદિ માં રુચિ છે.
તમને કથા, પ્રવચન સાંભળવા, સત્સંગ માં જવું ગમે છે.
વગેરે વગેરે કારણો થી
તમને પુષ્ટિમાર્ગ નો 'સંસ્પર્શ' થઈ ગયો છે !
અને તમને પુષ્ટિમાર્ગ ગમવા લાગ્યો
જો તમને પુષ્ટિમાર્ગ ને અનુસરવા ની રુચિ થઈ છે -

તો ઉપરોક્ત બધા કારણો નિમિત્ત માત્ર છે.
હકિકતમાં ભગવાને તમારૂં 'પુષ્ટિજીવ' તરીકે -
વરણ - પસંદગી કરી હોવા ની સંભાવના છે.
કેમકે 'પુષ્ટિજીવ' હોવાનું પ્રથમ પ્રમાણ - એની 'માર્ગરુચિ' છે.
'માર્ગરુચિ' એટલે પુષ્ટિમાર્ગીય અધ્યયન તેમજ પ્રણાલી, પહેરવેશ,-
સેવા, સત્સંગ, કાર્યક્રમ કે કાર્યમાં સામેલ થવું ઈત્યાદિ ગમવું.
તેથી જ તમને કોઈ કરજ ન પાડે તો પણ -
તમને કોઈક પુષ્ટિમાર્ગીય ઉપક્રમમાં જોડાવાનું મન થાય છે.
તેથી જ તમને પુષ્ટિમાર્ગીય જીવન જીવવાની ઈચ્છા થઈ છે.
પરંતુ જો એ ક્ષણિક આવેશ - ઉભરો હશે,
તો તે સમી જતા તમે પાછા મીરાં-મહાદેવ ના ચક્કરમાં પડી જશો.
કોઈ મજાર પર ચાદર ચઢાવવા પણ જશો.
અન્ય દેવી-દેવતા ની બાધા પણ રાખશો.
બધા દેવો-દેવતાઓને સમાન માનવા લાગશો, એમની ઉપાસના કરશો.
કદાચ વિધર્મને અપનાવવામાં પણ સંકોચ નહિ કરો.
પરંતુ જો સાચેજ તમારું ભગવાને પુષ્ટિમાર્ગ માં વરણ કર્યું હશે,
તો તમારા જીવનની દિશા જ બદલાઈ જશે !
અને જો આ હકીકત હોય તો
તો પુષ્ટિમાર્ગ વાસ્તવમાં શું છે, એ સમજવું જરૂરી છે.
પુષ્ટિમાર્ગીય જીવન એટલે શું, એ જાણવું જરૂરી છે.
પુષ્ટિમાર્ગ માત્ર ધર્મ કે સંપ્રદાય નથી.
પુષ્ટિમાર્ગ એક વિશિષ્ટ પ્રકારની જીવનશૈલી છે, જીવન કલા છે.
પુષ્ટિમાર્ગ ને અનુસરવા નો એક ચોક્કસ હેતુ છે.
શાસ્ત્રો કહે છે કે -
આપણે ભગવાનનો અંશ છીએ.
આપણે હજારો વર્ષથી ભગવાનથી છુટા પડ્યા છીએ.
પરંતુ આપણે તે હકીકત ભૂલી ગયા છીએ.
અનેક જન્મોથી આપણે જન્મ-મરણના ચકરાવામાં ફર્યા કરીએ છીએ.
આપણે અનેક યોનીઓ માં ભટકતા રહ્યા છીએ.
વાસ્તવમાં આપણે પશુવત્ જીવન જ જીવતા હોઈએ છીએ.
ખાવુ, પીવું અને મોજ કરવાને જ જીવનનો હેતુ સમજતા હોઈએ છીએ
આહાર - નિંદ્રા - ભય - મૈથુન, એ તો પશુની પણ જરૂરિયાત છે.
પરંતુ, વાસ્તવમાં આપણે પશુઓથી જુદા છીએ, વિશેષ છીએ.

આપણે આપણા શ્રેય: વિશે વિચારી શકીએ છીએ.
આપણો ઉત્કર્ષ શેમાં છે તે સમજી શકીએ છીએ.
આપણે પોતાના વિશે, સમગ્ર બ્રહ્માંડ વિશે, વિચારતા હોઈએ છીએ.
તેથીજ માનવે ઘણી પ્રગતિ કરી છે.
મનુષ્યે સમાજ વ્યવસ્થા ઘડી છે.
વિજ્ઞાન દ્વારા જીવન સુવિધાજનક બનાવ્યુ છે.
સદ્ભાગ્યે આપણને મનુષ્ય યોનીમાં જન્મ પ્રાપ્તિ થઈ છે.
દૈવયોગ થી સાચે જ આપણને એક અમૂલ્ય અવસર મળ્યો છે.
આપણે માનવજીવનને આપણે સાર્થક કરવાનું છે.
કરવું જ જોઈએ !
જો આ અવસર ચુકી ગયા -
તો ફરી 'ચોર્યાસી લાખ ના ફેરામાં ફરવા લાગીશું.
જીવનને સાર્થક કરવું એટલે જન્મ-મરણના ચક્કર માંથી છુટી જવું.
સૌ ઈચ્છે છે દુઃખમાંથી કાયમી છુટકારો અને શાશ્વત સુખની પ્રાપ્તિ
જીવનને સાર્થક કરવા શાસ્ત્રો એ વિભિન્ન માર્ગો બતાવ્યા છે
મુખ્યત્વે કર્મમાર્ગ - જ્ઞાનમાર્ગ - ભક્તિમાર્ગ.
કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ વર્તમાન સમયમાં આચરવા કઠીન છે.
તેનું કારણ છે.
યજ્ઞ-યાગાદિ કર્મોમાં દેશ-કાલ-દ્રવ્ય-મંત્ર-કર્મ-કર્તા ની શુદ્ધિ જરૂરી છે.
કલિયુગ માં એ મુશ્કેલ છે. અસંભવ પણ કહી શકાય !
જ્ઞાનમાર્ગ માં વૈરાગ્ય, નિત્યાનિત્ય વસ્તુ-વિવેક, શમ-દમાદી ષડસંપત્તિ
અને મોક્ષ ની કામના અપેક્ષિત છે.
જ્ઞાન-સાધના કરવી પડે. ઈન્દ્રિય નિગ્રહ કરવો પડે.
તેને માટે બધું છોડવું પડે. સંન્યાસ લેવો પડે.
બધા માટે એ સહજ નથી, શક્ય નથી.
શાસ્ત્રોક્ત ભક્તિમાર્ગ જે 'મર્યાદામાર્ગ' કહેવાય છે, _
તેમાં પણ જપ, તપ:, દાન આદિ સાધનોનું અવલંબન જરુરી છે.
સરલ તો તે પણ નથી જ !
પરંતુ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ સરલ ઉપાય બતાવ્યો છે.
એ ઉપાય છે -"પુષ્ટિભક્તિમાર્ગ".એને જ "પુષ્ટિમાર્ગ" કહેવાય છે.
'પુષ્ટિભક્તિમાર્ગ' શાસ્ત્રોક્ત 'મર્યાદાભક્તિમાર્ગ' થી વિલક્ષણ છે.
'પુષ્ટિમાર્ગ' ભગવાન ની કૃપા પર આધારિત છે.
'પુષ્ટિ' એટલે કૃપા અથવા અનુગ્રહ.

ઉપનિષદ કહે છે -
"જેનું ભગવાન વરણ કરે, જેના પર કૃપા કરે, તેને તેઓ મળે"
ભગવાન સર્વતંત્ર - સ્વતંત્ર છે.
સાધનો દ્વારા તેઓ મળે જ એ જરૂરી નથી,
કેમકે ભગવાન પોતાની ઈચ્છા પ્રમાણે જ કરે છે.
પરંતુ ભગવાન ભક્તના અક્ષુણ્ણ પ્રેમ આગળ પરવશ બની જાય છે.
પુરાણો માં એના અનેક પ્રમાણો મળે છે.
ભગવાને પોતે કબુલ્યું છે - "ભક્ત આગળ હું પરાધિન છું".
શ્રીમહાપ્રભુજીએ ભગવાન ની આ કમજોરી પિછાની છે.
તેથી જ એમણે "ભક્તિ" નો ઉપદેશ કર્યો છે.
ભક્તિ એટલે ભગવાન માં નિશ્વાર્થ - નિષ્કામ પ્રેમ.
બસ ભગવાન ને ચાહવાના !
વિના કારણ એમને સ્નેહ કરવાનો. અન્ય સૌથી વધુ પ્રેમ કરવાનો.
કદિ ડગે નહિ એવો સુદ્દઢ પ્રેમ કરવાનો.
ભગવાનને પોતાના બનાવવાની ચાવી છે - 'પ્રેમલક્ષણાભક્તિ'.
એવી ભક્તિ જે ભગવાન માં પ્રેમ પ્રકટ કરે.
એવી ભક્તિ જે ભગવાન ને ભક્તના પ્રેમ નો અહેસાસ કરાવે.
એવી ભક્તિ જે ભગવાન ને ભક્ત પર કૃપા ની વર્ષા કરવા બાધ્ય કરે !
હકિકતમાં તો ભગવાન જ પહેલ કરે છે.
કેમકે તેઓ સર્વેસર્વા છે. તેઓ ધારે તે બધું જ કરી શકે છે.
એજ તો પુષ્ટિમાર્ગ નું હાર્દ છે.
તેઓ સ્વયં જ નક્કી કરે છે કે કોના પર કૃપા કરવી.
ભગવાન આપણને પોતાનો બનાવવાનું વિચારે-
તો આપણને પણ ભગવાન સાથે જોડાવાની ઈચ્છા જાગે.
ભગવાનની "પુષ્ટિ" જ જીવને એમની "ભક્તિ" કરવા પ્રેરે છે.
ભગવાનનો આપણે માટે પ્રેમ તે "પુષ્ટિ".
આપણો ભગવાનમાં પ્રેમ તે "ભક્તિ".
"પુષ્ટિ" જીવ માટે છે, "ભક્તિ" ભગવાન માટે છે.
ભાગવત સમજાવે છે કે -
ભગવાને "પુષ્ટિભક્તિમાર્ગ" પોતાને માટે પ્રકટ કર્યો છે.
પરંતુ
ભગવાન ની "પુષ્ટિ" નો અનુભવ કેમ થાય !
ભગવાન ની કૃપા થઈ છે, એ કેમ ખબર પડે !

અગાઉ કહ્યું કે તેમ "માર્ગરુચિ" એ પારાશીશી છે.
પુષ્ટિમાર્ગ પ્રત્યે રૂચિ થવી એજ 'ભગવદ્ કૃપા' ની પ્રથમ નિશાની છે.
ભગવાને તમારૂં પુષ્ટિમાર્ગ માં વરણ કર્યું હોવાનો તે અણસાર છે.
ભગવાને તમારામાં "પુષ્ટિ" નું બીજ રોપ્યુ હોવાનું તે પ્રમાણ છે.
કદાચ આ જન્મમાં ભગવાન તમારો ઉદ્ધાર કરવા ઈચ્છે છે.
તેથી ભગવાને પુષ્ટિ ની 'બોલિંગ' શરૂ કરી દીધી છે.
હવે ભક્તિ થી 'બેટિંગ' તમારે કરવાની છે.
ભક્તિની બેટિંગ થી ભગવાનને તમારે પ્રસન્ન કરવાના છે.
તો જ ખેલ આગળ ચાલશે
'ભક્તિ' શબ્દ નો અર્થ છે -
ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન હોવું,
અને ભગવાનમાં સુદ્દઢ અને સૌથી વિશેષ સ્નેહ હોવો.
ભગવાન નું માહાત્મ્ય જાણવાથી એમના યશ ગાવાનું મન થાય.
યશોગાન કરતાં ભગવાન માં ક્યારે પ્રેમ થઈ જાય તે ખબરેય ન પડે !
માહાત્મ્ય જ્ઞાન થાય તો ભગવાન ની 'શરણાગતિ' સહજ થાય !
સ્નેહ ના કારણે ભગવાનને સર્વસ્વ નું 'સમર્પણ' કરવા નું મન થય,!
વાસ્તવમાં 'ભક્તિ' શબ્દ ભગવાન ની નિઃસ્વાર્થ સેવાના સંદર્ભમાં છે.
'સેવા' જ ભગવાન માં પ્રેમ અભિવ્યક્ત કરવાનું સાધન છે.
નિષ્કામ ભાવથી ભગવાનની સેવા કરવાથી ભગવાન પ્રસન્ન થાય !
ભક્તના પ્રેમ આગળ ભગવાન પરવશ બને છે.
અન્યથા ભગવાન પાસે શું નથી ?
ત્રિભુવનના નાથના ચરણમાં લક્ષ્મી છે.
ભગવાન 'સચ્ચિદાનંદ' હોવા છતાં -
ભક્તના પ્રેમને કારણે જ ભગવાન પોતાના આનંદ ને માણી શકે છે.
આપણે જાણીએ છીએ કે -
લૌકિક માં પણ કોઈને ખુશ કરવા હોય - પ્રસન્ન કરવા હોય -
તો એમની નિસ્વાર્થ ભાવથી સેવા -સુશ્રુષા કરવી જોઈએ.
તેથીજ શ્રીમહાપ્રભુજી ઉપદેશ આપે છે - "કૃષ્ણસેવા સદા કાર્યા".
વળી કહે છે "સર્વદા સર્વભાવથી વ્રજાધિપ શ્રીકૃષ્ણ ને ભજો".
ભજવું એટલે જ 'સેવા કરવી'.
જીવાત્મા ભગવાન નો 'અંશ' છે. ભગવાન 'અંશી' છે.
અંશી ની સેવા કરવી એ અંશનું કર્તવ્ય છે.
ભગવાનના દાસ બનીને તેમની સેવા કરવી.

ભગવાનને પોતાના સ્વામી સ્વીકારીને તેમની સેવા કરવી.
ભગવાનને સુખ અને સંતોષ મળે એવીરીતે સેવા કરવી.
ભગવાન ને શ્રમ ન પડે તેમ સેવા કરવી.
ભગવાન ની અનન્યતાપૂર્વક સેવા કરવી.
ભગવાન પ્રસન્ન થાય એવીરીતે સેવા કરવી.
યાદ રાખો !
"એક વર્યો શ્રીગોપીજનવલ્લભ નહીં સ્વામી બીજો".
પરંતુ
હજારો વર્ષોથી અનેક યોનીઓમાં જીવાત્મા ભટકી રહ્યો છે.
પોતે પરમાત્મા નો અંશ છે, તે ભૂલી ગયો છે.
તે સાંસારિક વિષયોમાં આસક્ત બનીને અટવાઈ ગયો છે.
'અહંતા - મમતા' ની ખોટી ભ્રમણામાં તે ખોવાઈ ગયો છે.
દેશ-કાલાદિના કારણે અનેક પ્રકારના દોષો જીવાત્માને લાગેલા છે !.
શું દોષયુક્ત જીવાત્માનો નિર્દોષ ભગવાન સાથે સંબંધ થાય ખરો !
દોષયુક્ત જીવાત્માની સેવાનો ભગવાન સ્વીકાર કરે ખરા ?
શ્રીમહાપ્રભુજી ને પણ આવો જ વિચાર આવેલો.
દોષયુક્ત જીવાત્માનો સંબંધ નિર્દોષ ભગવાન સાથે કેમ થાય ?
અને અચાનક એક મધ્યરાત્રિએ -
સાક્ષાત્ ભગવાન શ્રીમહાપ્રભુજી સમક્ષ પ્રકટ થયા.
ભગવાને સ્વયં જ ઉપાય બતાવ્યો. એમને એક "મંત્ર" આપ્યો.
એજ "બ્રહ્મસંબંધ મંત્ર".
શ્રીમહાપ્રભુજીને જીવોને એ "મંત્ર" ની દીક્ષા આપવાની આજ્ઞા કરી.
એ દીક્ષા લેવાથી જીવના દોષો ભગવાનની સેવામાં બાધક નહીં બને,
અને, 'ભગવાન જીવની સેવા અંગીકાર કરશે',
એવી ભગવાને બાંહેધરી આપી.
શું છે "બ્રહ્મસંબંધ મંત્ર" ?
એ જીવને યાદ દેવડાવે છે કે -
તે હજારો વર્ષોથી ભગવાન થી છુટો પડેલો છે,
ભગવાન માટે ના તાપ: ક્લેશનો આનંદ એને વિસ્મૃત થયેલો છે,
તે 'ભગવાન કૃષ્ણ' ને -
પોતાના માની લીધેલા સર્વ પદાર્થો, જેમાં એની 'મમતા' જોડાયેલ છે,
તેમજ પોતાની 'અહંતા' સહિત,
સર્વસ્વ નું સમર્પણ કરવાનુ સંકલ્પપૂર્વક નિવેદન કરે છે.

તે પોતે ભગવાન નો દાસ હોવાનું કબુલે છે.
એટલું જ નહીં, તે સ્વીકારે છે - "હુ તમારો છું".
આમ ગુરૂ શ્રીમહાપ્રભુજી ના સાનિધ્ય માં, એમના દ્વારા જ -
જીવાત્મા - પરમાત્મા નું અલૌકિક દાંપત્ય પ્રસ્થાપિત થાય છે.
કૃષ્ણ સાથે દાંપત્ય સ્થાપિત કરવું એટલે -
કૃષ્ણ સાથે 'સહજીવન' જીવવાની તત્પરતા.
એને માટે તમારે સાસરે જવાની જરૂર નથી,
કૃષ્ણ તમારે ઘેર આવે છે.
કૃષ્ણ ને તમારા ઘરમાં પધરાવવાના છે.
પરંતુ હવે ઘર જ તમારું ક્યાં છે ! એ તો કૃષ્ણને સમર્પિત કરેલું છે.
તમારે કૃષ્ણ ના ઘરમાં કૃષ્ણ ની સાથે રહેવાનું છે.
તમારે કૃષ્ણ ને અનુકુળ થઈને રહેવાનું છે.
તમારે કૃષ્ણ ની સેવા માટે ઘરમાં રહેવાનું છે.
તમારૂં જીવન જ કૃષ્ણ માટે છે.
તમારે જીવવાનું જ કૃષ્ણ સાથે અને કૃષ્ણ માટે છે.
તમારી પ્રવૃત્તિઓ નું પ્રયોજન જ કૃષ્ણ હોવા જોઈએ.
તમારા બધા શોખ - સંગીત, નૃત્ય, પાકકલા, લલિતકલાઓ ઈત્યાદિ -
તમારે કૃષ્ણ ને રીઝવવા માટે ઉપયોગમાં લેવાના છે. એડ ગડ
તમારા જીવનનું 'કેન્દ્રબિન્દુ' માત્ર કૃષ્ણ હોવા જોઈએ.
તમારુ ખાવું, પીવું, ભણવું, નોકરી-ધંધો, શોખ,સ્વાસ્થ્ય જાળવવું -
બધું જ કૃષ્ણ માટે.
અરે ! પરણવું અને સંતતિ ઉત્પન્ન કરવી પણ -
કૃષ્ણસેવામાં સહાયક મળે તે માટે !
ટુંકમાં
તમારા જીવનને 'કૃષ્ણમય' બનાવવાનું છે !
તમે આ બધું જ કરતાં જ રહ્યા છો !
નવું કશું જ કરવાનું નથી.
માત્ર દૃષ્ટિ બદલવાની છે.
કશું જ તમારા પોતાના માટે નહીં, બધું જ માત્ર કૃષ્ણ માટે !
તમે ઘરને સાફસુથરૂ રાખો છો.
નિત્ય સ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર પહેરો છો.
અનાજ-પાણી લાવી સંગ્રહ કરો છો.
દૂધ - શાકભાજી લાવો છો, એને સમારો - સુધારો છો.

પીવા માટે પાણી ભરો છો.
ભોજન માટે નિત્ય રસોઈ કરો છો.
તમે નોકરી-ધંધાર્થે જાઓ છો.
તમે શરીર ને ટકાવવા ભોજન કરો છો.
તમે શરીરને સ્વસ્થ રાખવા આવશ્યક ઔષધ લો છો.
તમારા મનને પ્રફુલ્લિત રાખવા મનોરંજન પણ માણો છો.
વગેરે વગેરે. દૈનિક જીવન નું લાંબુ લીસ્ટ હોઈ શકે છે.
કશું જ છોડવાનું કે બદલવાનું નથી.
હાં, ઉમેરવાનું જરૂર છે !
કૃષ્ણ ને તમારા જીવનમાં ઉમેરવાના છે.
કૃષ્ણ ને તમારા જીવનના અભિન્ન અંગ બનાવવાના છે.
કૃષ્ણ ને તમારા પરિવાર ના અવિભાજ્ય સદસ્ય બનાવવાના છે.
પહેલા તમે એકલા જીવતા હતાં,
હવે કૃષ્ણ ની સાથે જીવવાનું છે, કૃષ્ણને માટે જીવવાનું છે !
આથી બીજું ઘણું બધું એની મેળે બદલાઈ જશે.
તમારા જીવનમાં શિસ્ત આવશે.
તમે શુદ્ધતા અને પવિત્રતા ના આગ્રહી થશો.
તમને એંઠા-જુઠાનુ ભાન રહેશે.
તમે કાંદા લસણ આદિ તામસી પદાર્થો નો ઉપયોગ નહીં કરો.
તમને અભક્ષ્ય પદાર્થોની પરેજી રહેશે.
તમને સર્વ પ્રકારના વ્યસનોથી મુક્તિ મલશે.
કૃષ્ણ ની હાજરી તમારા પરિવારને કજીયા-કંકાશ થી દૂર રાખશે.
તમારા ઘરનું વાતાવરણ સ્વચ્છ અને શાંતિમય બનશે.
તમારો પરિવાર આનંદિત - પ્રફુલ્લિત બનશે.
ભગવત્પ્રસાદના સાત્વિક ભોજનથી તન અને મન નિર્મલ બનશે.
એનું પરિણામ !
કૃષ્ણ માં પ્રેમ જાગશે.
ધીરે ધીરે આસક્તિ વધશે.
અંતે તે વ્યસન દશામાં પરિણમશે.
કૃષ્ણ તમારી અનિવાર્ય આદત બની જશે.
કૃષ્ણ ની સંનિધિ નો તમને સતત અહેસાસ થશે
કૃષ્ણ વિના જીવન જીવવુ તમારે માટે દૂભર થઈ જશે.
તમારૂ ચિત્ત કૃષ્ણ માં પરોવાઈ જશે - ચોંટી જશે.

કૃષ્ણ તમારી ભીતર - હૃદયમાં બિરાજી જશે !
કૃષ્ણ પલપલ એમના અસ્તિત્વની યાદ દેવડાવશે.
કૃષ્ણ એમના અલૌકિક આનંદ નો અનુભવ કરાવશે.
પરંતુ,
તમને કૃષ્ણ પ્રત્યે અનહદ પ્રેમ હોવા છતાં,
'કૃષ્ણસેવા' તમને ગમતી હોવા છતાં,
જેના પર તમારો અંકુશ નથી-
એવા કોઈ કારણસર તમે સ્વરૂપ-સેવા કરી શકતા નથી,ઐ
તો એનો વિકલ્પ શું ?.
શ્રીમહાપ્રભુજીએ એનો ઉપાય બતાવ્યો છે.
શ્રીમહાપ્રભુજીએ "નામ સેવા" નો વિકલ્પ આપ્યો છે.
ભગવાન ના ગુણગાન ગાવા, ગ્રંથો નું મનન - ચિંતન કરવું -
ભાગવત-કથા નું પઠન, શ્રવણ, કીર્તન કરવું આદિ "નામ સેવા" છે.
. નામસેવા સ્વરૂપસેવાનો 'અનુકલ્પ' પણ છે અને 'વિકલ્પ' પણ.
ભગવદ્ નામમાં પણ એ સામર્થ્ય છે કે -
જીવમાં ભગવદ્ પ્રેમ - આસક્તિ - વ્યસન પ્રગટાવી શકે છે.
નામસેવા સાથે સંપૂર્ણતયા ભગવદ્ શરણાગતિ સ્વીકારવી જોઈએ.
ભગવાન સર્વ-સમર્થ છે એવો સંપુર્ણ વિશ્વાસ,
ભગવાન પોતાના હિતમાં જ સર્વ કરશે એવી અટલ શ્રદ્ધા,
માત્ર ભગવાન સિવાય કોઈ વ્યક્તિ કે વસ્તુ માં કે પ્રક્રિયા માં -
શ્રદ્ધા નો અભાવ એટલે જ "શરણાગતિ".
"કૃષ્ણ એવ ગતિર્મમ" એટલે સંપૂર્ણ શરણાગતિ.
'નામસેવા સહિત શરણાગતિ' પુષ્ટિમાર્ગ માં -
અનિવાર્ય સંજોગોમાં 'વિકલ્પ' છે.
શ્રીમદ્ભાગવત ભગવાન નું 'વાંગ્મય સ્વરૂપ' છે.
ભાગવતજી ને ભોગ ધરી મહાપ્રસાદ લઈ શકાય છે.
વિકલ્પ તરીકે ભાગવતજી ને ભોગ ધરી ને નિર્વાહ કરવો
હાં ! તમારે કેટલીક સાવધાની અવશ્ય રાખવી પડશે
માતા-પિતા, વડિલો, વિદ્વત્જન, દેવી-દેવતાઓ સર્વેને
સંપૂર્ણ આદર, માન આદિ આપવું, પરંતુ મન-વચન-ક્રિયાથી
એકમાત્ર શ્રીકૃષ્ણ નો જ આશ્રય કરવો.
અર્થાત્ 'અન્યાશ્રય નો સર્વથા ત્યાગ કરવો

આવશ્યક નૈમિત્તિક કાર્યો તેમાં આસક્તિ રાખ્યા વિના કરવા. તદર્થ કરવામાં આવતા દેવી-દેવતા પૂજન આદિ અન્યાશ્રય નથી.
અસમર્પિત પદાર્થો ના ઉપયોગ નો ત્યાગ કરવો.
જેમના સંગના કારણે મનના ભાવો દૂષિત થાય, વિપરિત અથવા અનુચિત કાર્ય કરવા પ્રેરણા મળે, અથવા ભગવદ્ ભાવ ખંડિત થાય એવા લોકો ના દુઃસંગ નો ત્યાગ કરવો.
આવશ્યક ન હોય એવા વાર્તાલાપ ને ટાળવા પ્રયત્નશીલ રહેવું અર્થાત્ 'અસદાલાપ નો ત્યાગ' કરવો.
આથી સ્પષ્ટ છે કે તમારે તમારુ ગૃહસ્થજીવન યથાવત્ જીવવાનું છે.
તમારે તમારા લૌકિક જીવનની જવાબદારીઓ યથાવત્ નિભાવવાની છે.
તમારા લૌકિક જીવનને જ અલૌકિક બનાવવાનું છે.
એને પુષ્ટિમાર્ગીય જીવન બનાવવા માટે -
ક્રિયા બદલવાની નથી, માત્ર દ્રષ્ટિકોણ જ બદલવાનો છે.
તમારા જીવન નો હેતુ જ બદલવાનો છે.
'કૃષ્ણ એવ તાત્પર્ય' ને જીવન મંત્ર બનાવવાનો છે.
એજ છે - જીવન ને સાર્થક બનાવવા ની રહસ્યમય ચાવી !
સાચા ધ્યેય ની પ્રાપ્તિ માટે નું પ્રસ્થાન !
ફલ અવશ્ય મળશે !
આ જન્મમાં નહીં તો આગલા જન્મમાં,
અથવા એના પછીના જન્મમાં !
પરંતુ શરૂઆત તો આ જ જન્મમાં કરવી પડશે !
It is said - GOOD BEGINNING IS HALF DONE !
બસ, આ જ છે -
પુષ્ટિમાર્ગીય જીવન જીવવાની કળા !

****

(ડો. જયેન્દ્ર સોની)